सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષ ૨૫ ફેબ્રુઆરી -૨૦૦૬ અંક - ૪

## વાલીઓને........

### "આપણી કેળવણીને થયું છે શું ? "

શ્રી ઉમાશંકર જોશીએ 'કેળવણીનો કીમિયો' એ શીર્ષક નીચે કેળવણી અંગે જે નિબંધો લખ્યા તેનો સંગ્રહ છે. ઉપરનો પ્રશ્ન તેમણે ૩૦ વર્ષ પહેલા લખેલા એક લેખની શરૂઆતમાં કર્યો છે. આજે એ પ્રશ્ન વધુ વિકરાળ થઈને ઉભેલો દેખાય છે.

આપણને આઝાદી પ્રાપ્ત થઈ ત્યાર પછી વિવિધ ક્ષેત્રોમાં આપણે વધારે કે ઓછી પ્રગતિ કરી છે. કેટલાક ક્ષેત્રોમાં વિશ્વ કક્ષાએ ઉભા રહી શકીએ તેવી ક્ષમતા પ્રાપ્ત કરી છે. માત્ર કેળવણીનું ક્ષેત્ર એવું છે કે જેમાં આઝાદી પછી પીછેહઠ કરી છે. ખૂબ પાછા ગયા છીએ એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. આઝાદી પૂર્વે આપણને બે ક્ષેત્રોમાં નોબલ પારિતોષિક પ્રાપ્ત થયા. (૧) વિજ્ઞાનમાં (૨) સાહિત્યમાં. પરંતુ આઝાદીના ૬૦ વર્ષ પછી આપણને આ તક ફરી મળી નથી. આઝાદી પહેલા શાંતિનિકેતન અને વિદ્યાપીઠ જેવી સંસ્થાઓ ગુલામીમાં આપણે હોવા છતા સ્થાપી શકાઈ. આજે આવી કોઈ સંસ્થા સ્થાપી શકાય તેવી પરિસ્થિતિ નજરે ચડતી નથી તે કમનસીબી છે. અને વધુ કમનસીબી તો એ છે કે આ નોંધપાત્ર સંસ્થાઓ પણ બીબાઢાળ અવસ્થામાં ગોઠવવામાં આવી છે.

આજે પ્રાથમિકથી કોલેજ સુધી કોઈ પણ કક્ષાએ સંતોષપ્રદ અને યોગ્ય કેળવણી મળતી હોય તેવું બહુ ઓછું દેખાય છે. મેકોલેએ જે ફિલોસોફીથી શિક્ષણ વ્યવસ્થા ઉભી કરી તે વધુ નુકસાનકારક વ્યવસ્થામાં ગોઠવાઈ ગયા છીએ તેનો અફસોસ થાય છે. આ અંગે ગંભીરતાપૂર્વક વિચારવું પડશે.

"સ્વરાજ માટે લડતા આપણા દેશે કેળવણી ક્ષેત્રમાં દસ બાર નોંધપાત્ર પ્રયોગો કર્યા હતા. દરેક પ્રયોગ પાછળ કોઈને કોઈ શ્રી અરવિંદ, રવિન્દ્રનાથ, માલવીયાજી, ગાંધીજી જેવી મહાનુભાવ વ્યક્તિઓ હતી. હવે જે શિક્ષણ સંસ્થાઓ નીકળે તેની પાછળ દેશ દેશ લાગણી અને માનવ પ્રેમથી પ્રેરિત એવી પ્રજામાન્ય વ્યક્તિઓ હોય અને સંસ્થાઓ કાઢવા પાછળ વધતી જતી વિદ્યાર્થી સંખ્યાનો ઉપયોગ માત્ર કરવાની વૃત્તિ ન હોય તે ઈષ્ટ છે. વિદ્યાર્થીઓ અસ્કયામત છે, મિલ્કત છે પણ દેશની તેઓ કારકિર્દી જમાવવા માગે છે, કેળવણીને રાજકારણની નિસરણી તરીકે વાપરવા માંગે છે, તેઓની નહીં.

રાજકારણના દુ:સ્પર્શથી શિક્ષણને મુક્ત રાખી શકે એવી વધુ ને વધુ વ્યક્તિઓ શિક્ષણકાર્યમાં ઓતપ્રોત થતી આવશે તેમ તેમ આપણી કેળવણીની આવતી કાલ વધુ ને વધુ ઉજમાળી બનતી આવશે."

**- શ્રી ઉમાશંકર જોશી (કેળવણીનો કીમિયો)**

દિનુભાઈ દવે

ના વંદન

## સ્મૃતિચિત્રો

જ્યોત્સ્નાબેને વર્ષો સુધી અનન્ય નિષ્ઠાથી બાલમંદિરમાં પોતાની માનદ્ સેવાઓ ખૂબ લાંબા સમય સુધી આપી. આજે જ્યોત્સનાબેન આપણી વચ્ચે નથી પરંતુ તેમણે પ્રસ્થાપિત કરેલી અનેક પધ્ધતિ અને બાળકને માવજત આપવાની જે સૂઝ તેમણે વાપરી હતી તે હંમેશા માર્ગદર્શક રહેશે.

તેમનો આગ્રહ હતો કે બાલમંદિરની શરૂઆત સંગીતથી જ થવી જોઈએ. આ માટે જેમની પાસે શુધ્ધ સ્વરોનું જ્ઞાન હોય અને તાલ બરાબર હોય એવા શિક્ષકો જ તેમણે સંગીત માટે રોકવાનો હંમેશા આગ્રહ રાખ્યો અને બાલમંદિરની શરૂઆત સંગીતથી જ કરવાની રાખી આને કારણે બાળકના જીવનમાં એક જાતની વ્યવસ્થા આવે છે તે જોવા મળે છે.

નાસ્તા માટે પણ તેમનો આગ્રહ રહેતો કે બાળકોને પૌષ્ટિક નાસ્તો આપવો આ ઉપરાંત વિભિન્ન વસ્તુઓ બાળક ખાતા શીખે અને સ્વાદ કેળવે તે માટે તેઓ હંમેશા પ્રયત્નશીલ રહેતા. સારામાં સારી વસ્તુઓ બાળકોના નાસ્તા માટે વપરાય તે માટે શાળાની બસ લઈને તે જમાનામાં માધુપુરા માર્કેટમાં જાતે જઈને આખા વર્ષની જરૂરીયાત ધ્યાનમાં રાખીને ઉત્તમ અનાજ, ગોળ, સીઝનના સમયે ખજૂર , મમરા જેવી અનેક વસ્તુઓ જાતે જ પસંદ કરીને ખરીદતા. ભારતમાં તહેવારોની ઉજવણી એ આપણી સંસ્કૃતિનો અમૂલ્ય વારસો છે. તેનું યોગ્ય સિંચન બાળકના વ્યક્તિત્વમાં થાય તે માટે વિવિધ ઉત્સવોની ઉજવણી ખૂબ જ ઉત્સાહથી બાળકોને કરાવતા. હોળી સમયે હોળી ગીતો, ઉત્તરાયણ વખતે પતંગના ગીતો, નવરાત્રી વખતે ગરબા, જન્માષ્ટમી જેવા પર્વની ઉજવણી, કૃષ્ણ જીવનના પ્રસંગો બાળકો પાસે રજૂ કરીને બેલે તરીકે તેઓ કરાવતા.

તેમનો શિસ્તનો આગ્રહ અનન્ય. શિસ્ત પળાવવા ઉપરાંત શિસ્ત પાળવાનો પણ પોતાનો દાખલો અન્યને મળે તે જોતા. કોઈક વિચારોમાં ભેદ હોય તો અવશ્ય ચર્ચા કરે. પરંતુ અંતે તો જે સૂચન આપવામાં આવ્યું હોય ત. મુજબ જ તેઓ કરતા. અને અન્ય કરે તે જોતા.

તેમના હાથ નીચે કામ કરવું એ ખાંડાની ધાર પર ચાલવા જેવું હતું. જરા પણ ભૂલ કાર્યકરની ચલાવી ન લે. પરંતુ દરેક કાર્યકરની પરિસ્થિતિનું ધ્યાન રાખે. શારીરિક કે આર્થિક મદદની જરૂર હોય ત્યારે તેનો લાભ લેનારને સંકોચ ન થાય તે રીતે આપે. સૌ કાર્યકરોનો તેઓ આટલા કડક હોવા છતાં પણ ખૂબ પ્રેમ પ્રાપ્ત કર્યો હતો તેની પાછળનું આ રહસ્ય છે. હાઈસ્કુલ કે પ્રાયમરી વિભાગથી બાલમંદિર ક્યારેય દબાઈ ન જાય તેની તેમણે સતત ચિંતા સેવી છે અને બાલમંદિરને અનોખું વ્યક્તિત્વ મળે તે હંમેશા તેમણે જોયું છે.

તેમના જવાથી બાલમંદિરને કદી ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. પરંતુ તેમણે જે નકશો દોર્યો છે તે હંમેશા સૌને ઉપયોગી બનશે.

**દિનુભાઈ દવે**

# શ્રધ્ધાંજલિ

શારદામંદિરની બ્યાંશી વર્ષની વિકાસયાત્રામાં તેના બાલમંદિરનો ફાળો નાનો સૂનો નથી. કેટકેટલા વર્ષોથી શારદામંદિરનાં બાલમંદિરનું સ્થાન બાલશિક્ષણના ક્ષેત્રે આગવું રહ્યું છે ! બાળકોને હસતા રમતા ખિલતા રાખવામાં સ્વ. જ્યોત્સ્નાબેન શોધનનું જે પ્રદાન રહ્યું છે તે અદ્ભુત અને અભૂતપૂર્વ છે. બાળકો એટલે જ્યોત્સ્નાબેનનાં જીવતાં જાગતાં દેવ.. એમનાં હ્રદયમાં સદાય એ બાળકોનું જ રટણ હોય.. એમને સારામાં સારા તૈયાર કરવા, ઘડતર કરવું, એ જ એમનો જીવનમંત્ર જીવનપર્યંત રહ્યાં. એ બાળકો માટે, શારદામંદિર માટે તેમણે તેમનું આખું જીવન જ સમર્પિત કરી દીધું હતું. જીવનની છેલ્લી પળ સુધી એમને હૈયે એ શારદામંદિર અને એના બાળકોનો વિકાસ સતત રમતાં રહ્યા. એ શારદામંદિર માટે પણ એક સદ્નસીબ અને ગૌરવની વાત છે. બાળકોની બાબતમાં મુ. જ્યોત્સ્નાબેન કયાંય જરા પણ બાંધછોડ કરતા નહીં. આટલા બધા લગભગ ચારસો સાડાચારસો જેટલા બાળકો હોય તેમની બધી જ વ્યવસ્થા સાચવવાની હોય, કયારેક પ્રતિકૂળ સંજોગો ઉભા થાય ને થોડું આઘુપાછું ચલાવવા જેવી પરિસ્થિતિ પણ ઉભી થાય ત્યારે જ્યોત્સ્નાબેન એ માટે જલ્દી તૈયાર ન જ થાય.' બાળકો માટે એમના હ્રદયમાં અપાર પ્રેમ. શ્રી રામકુમાર રાજિપ્રયની 'ઢિંગલીઘર ' સંસ્થાના ઉપક્રમે ઉત્તમ બાલશિક્ષણકાર તરીકે તેમનું બહુમાન કરવાનું હતું તે પ્રસંગે મુ.દિનુભાઈએ કહ્યું હતું, 'શ્રી જ્યોત્સ્નાબેને બાળકોને સદાય માતા જશોદાના ભાવથી જોયા છે. એમને એક એક બાળકમાં શ્રીકૃષ્ણનાં દર્શન થતાં, અને બાળકો સાથે હ્રદયમાં એ જ ઉત્કટ પ્રેમ ભાવનાથી એમણે આખું ય જીવન એ બાળકોમાં ઓતપ્રોત થઈને શારદામંદિરને સમર્પિત કરી દીધું. આજીવન માનદ્ સેવા આપી એ માટે શારદામંદિર સ્વ.શ્રી જ્યોત્સ્નાબેનનું સદાય ઋણી રહેશે. અને જ્યોત્સ્નાબેન જેવા પ્રખર બાલશિક્ષણકાર મળ્યાં તે માટે શારદામંદિર ગૌરવ અનુભવે છે. આજે જ્યારે એમને આ ભાવભરી અંજલિ આપું છું ત્યારે કેટકેટલા પ્રસંગો સ્મરણપટ પર એક પછી એક ઉપસી આવે છે !

બાલઅધ્યાપન મંદિરમાં તેમણે જ્યારે અભ્યાસ કર્યો હતો ત્યારનાં તેમનાં ચોપડાં હજી એવા ને એવા જ એમની પાસે સચવાયેલાં હતાં એમને આંખની તકલીફ એટલે એમનાં પપ્પાજીનાં એમા અક્ષર, એમાં પણ એમની અભ્યાસ માટેની કર્તવ્યનિષ્ઠા વ્યકત થાય છે. એ ફાઈલોથી તો તેમણે કેટકેટલા શિક્ષકોને બાળકેળવણી માટે તૈયાર કર્યા ! જ્યોત્સ્નાબેનનું પ્રદાન બાળકેળવણીનાં ક્ષેત્રે સાચે જ અદ્ભૂત હતું.

સ્વ.રમણભાઈને બાળકો વચ્ચે બેસી બાળગીતો ગાતાં ને ગવડાવતાં જોવા એ પણ એક લ્હાવો હતો. બાળકોમાં તે તન્મય થઈ જતાં, સાવ ખોવાઈ જતાં અને બાળકો એ સંગીત બાલમંદિરમાં તો માણે પણ ઘેર જઈને પણ ગણગણે, મુ.જ્યોત્સ્નાબેનને તો બાળકોને સતત ગુંજતા રાખવા હતા અને એટલે જ મુ.દિનુભાઈ અને મુ.જ્યોત્સ્નાબેનની એ ઈચ્છાને કારણે તો બાળગીતોની એક નહીં, બે નહીં પણ ત્રણ ત્રણ કેસેટો તૈયાર થઈ શકી. સ્વ.રમણભાઈના સૂર તાલ અને સંગીત બધું જ ચિરસ્મરણીય બની શકયું. આ કેસેટો ભારતમાં તો ખરી જ પણ પરદેશ સુધી પણ પહોંચી શકી છે એ માટે સ્વ.જ્યોત્સ્નાબેન અને મુ.દિનુભાઈ યશના અધિકારી છે.

'દિનુભાઈ ! બાળગીતોની કેસેટો તો થઈ પણ અભિનય ગીતોની પણ કેસેટ તો જોઈએ જ, રમણભાઈ જતાં જૂના અભિનય ગીતો હજી ગવાય છે ખરાં, પણ રમણભાઈ જેવા નહી. બાળકોને એ સ્વરબધ્ધ રીતે સાંભળવા મળે, અભિનય કરવાની મજા આવે, અને એમના એ આગ્રહથી જ અભિનય ગીતોની પણ ત્રણ કેસેટોનું સર્જન થયું.. જ્યોત્સ્નાબેને વર્ષો સુધી બાળકોને રમણભાઈ સાથે એ ગીતો ગાતા સાંભળેલા, તેમના કાનમાં એ ગીતો સતત ગૂંજ્યા કરતા હતાં, અને એટલે એ કેસેટોની તૈયારી દરમ્યાન પણ સ્વ.જ્યોત્સ્નાબેને ખૂબ પરિશ્રમ કરી શ્રી પ્રતિમાબેન, બેન આનતી બધાં સાથે મળી એ કામ સરસ રીતે પાર પાડયું. કામની પરિપૂર્ણતાની બાબતમાં જ્યોત્સ્નાબેન કયાંય જરા પણ બાંધછોડ ચલાવી લેતા નહી. બાળકોની બાબતમાં કયાંય જરા ય આઘુપાછું ચલાવી જ ન લેવાય. જ્યોત્સ્નાબેનનો આ માટે સતત આગ્રહ રહેતો. પછી તે સંગીત હોય, વાર્તાકથન હોય, પપેટ શો હોય , ઈન્દ્રીય શિક્ષણ હોય કે જીવનવ્યવહારના સાધનો સાથેની પ્રવૃત્તિ હોય.

કેટકેટલાં શિક્ષકો તેમનાં હાથ નીચે તૈયાર થયાં ! બાળક તો શિક્ષકમાં ય માનો પ્રેમ જ ઝંખતું હોય છે. શિક્ષકની આંખમાંથી નીતરતા પ્રેમને બાળક શોધતું હોય છે, અને જ્યોત્સ્નાબેનનાં હાથ નીચે તૈયાર થયેલા શિક્ષકો એ જ પ્રેમથી, એ જ કર્તવ્યનિષ્ઠાથી બાલમંદિરનાં સમય દરમ્યાન બાળકો સાથે પળેપળ રસ લઈને પ્રવૃત્તિ કરતાં જોઈએ છીએ ત્યારે જ્યોત્સ્નાબેને જીવનપર્યંત એ હાથ ધરેલ ભેખને ધન્યવાદ આપી હ્રદયથી અંજલિ અપાય છે.

જ્યોત્સ્નાબેનમાં ચીવટ પણ પાર વિનાની, કોઈપણ પ્રસંગ હોય, એની ઉજવણી માટે ખૂબ સૂક્ષ્મતાથી તૈયારી કરે નવરાત્રિ હોય, કૃષ્ણ જન્મ ઉત્સવ હોય કે સ્થાપનાદિન હોય આવેલ મહેમાનને પ્રસાદ પણ સુંદર રીતે, કલામય રીતે પેક કરીને આપે, એમાં એમની અતિથિ સત્કારની ભાવના ભારોભાર વ્યક્ત થાય.

કોઈ પણ માણસનાં વ્યક્તિત્વનાં સર્વાંગી વિકાસમાં, તેના ઘડતર અને ભણતરમાં તેનું બાળપણ એ જ એનો સાચો પાયો છે, એ બાળપણમાં જો તેને સારી માવજત મળી હોય, સારું જતન થયું હોય તો તેનો સાચો વિકાસ થાય. સ્વ.જ્યોત્સ્નાબેને કેટકેટલા લોકોના જીવનના આ પાયાના ચણતરનું કામ કર્યું છે !

બાલમંદિરમાં રોજેરોજના સંગીતનું વ્યવસ્થિત આયોજન, કયારે કયે દિવસે કયા ગીતો, કયા અભિનય ગીતો , કયા પાઠ લેવા બધું જ સરસ આયોજન જ્યોત્સ્નાબેને કરેલું જ હોય. એમનામાં અદ્ભૂત સૂઝ હતી, દ્રષ્ટિ હતી. આયોજન શક્તિ હતી.

બાલમંદિર સતત પ્રવૃત્તિઓથી ધમધમતું જ રહે છે. હજી નવું વર્ષ શરૂ થાય ને સ્થાપનાદિનની ઉજવણીની શરૂઆત થાય, પછી આવે ગૌરીવ્રત, ગૌરીવ્રત પતે ને જન્માષ્ટમી, કૃષ્ણ જન્મ ઉત્સવનું પર્વ, નવરાત્રિ, ક્રિસમસ, ફેન્સી ડ્રેસ, ચિત્ર સ્પર્ધા, સુલેખન સ્પર્ધા, અરે ! ગુડી પડવાને દિવસે બાળકો લીમડાનો રસ હસતા હસતા પીએ !... આપણી સંસ્કૃતિ અને સંસ્કારનો વારસો બાલમંદિરમાં આ બાળકોને જાણે ગળથૂથીમાંથી જ મળતા થઈ જાય એવું એમનું બાલમંદિરની પ્રવૃત્તિઓનું આયોજન સાચે જ અદ્ભૂત હતું. બાલમંદિરના આદ્યસ્થાપક પૂ.કાકાભાઈનાં હ્રદયની ઈચ્છા હતી 'મારા આંગણામાં બાળકો સતત કિલ્લોલતાં રહે..' એ ઈચ્છાને સ્વ.જ્યોત્સ્નાબેને ખૂબ સરસ રીતે પાર પાડી એટલું જ નહીં પણ સદાય માટે એમાં પ્રાણ પૂર્યા. સ્વ.જ્યોત્સ્નાબેનની આ અમૂલ્ય સેવાઓને બિરદાવતાં ઈશ્વરને એ જ પ્રાર્થના, કે એમણે જીવનભર કરેલા, જીવનભર સેવેલા બાળકોના ઘડતરના આ સ્વપ્નને સાકાર કરીએ. ઈશ્વર એમના આત્માને પરમ શાંતિ આપે અને એમના અધૂરાં રહેલા કામોને પાર પાડવાની શક્તિ અને બળ પૂરું પાડે.

**ઊર્મિલા શાહ**

# સંસ્થાકીય સમાચાર

## બાલમંદિર

નાતાલના તહેવાર નિમિત્તે ભગવાન ઈશુ દ્વારા મળેલ પ્રેમ અને દયાના સંદેશની માહિતી બાળકોને આપી. નાતાલના ગીત સાથે નાતાલ ઉજવી, સાંતાકલોઝ બનેલા ભાઈ રોમિલે બાળકોને ચોકલેટો વહેંચી.

તા.૨૮-૧૨-૦૫ને બુધવારથી રમતગમતની હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું. બાળકોએ દોડ, વિઘ્નદોડ, લાંબો કૂદકો, દડાફેંક, સંગીતખુરશી વિગેરે રમતોમાં ઉત્સાહભેર ભાગ લીધો.

જાન્યુઆરી માસમાં બાળકોએ પતંગના ગીતો હર્ષભેર ગાયાં અને ૧૩-૧-૦૬ને શુક્રવારનાં રોજ પ્રાંગણમાં પતંગ ચગાવવાની મઝા માણી. છેલ્લે શીંગના લાડુ ખાધા.

તા.૪-૧-૦૬ને બુધવારે બાળકોને કઠપૂતળીનો ખેલ બતાવવામાં આવ્યો. કે.લાલ બનેલા જાદુગર તેમજ રશિયન કલાકારોને ગરબા ગાતા જોઈ બાળકો આનંદમાં આવી ગયા.

તા.૬-૧-૦૬ને શુક્રવારે બાલમંદિરનાં તેમજ તાલીમના બાળકો ગાંધીનગર, મહુડી, અમરનાથના પ્રવાસે જઈ આવ્યા. ગાંધીનગર આમ્રકુંજમાં ખૂબ રમ્યાં.

તા.૨૧-૧-૦૬ને બુધવારે બાળકોને રાષ્ટ્રધ્વજની સમજ આપી. રાષ્ટ્રધ્વજ લઈને કૂચ કરાવી, બાળકોએ ખૂબ ગૌરવભરી કૂચ કરી.
તા.૩-૨-૦૬ને શુક્રવારે દલા તરવાડીનો પપેટ શો બતાવ્યો, છોકરાઓને ડૂબકા ખાતાં દલા તરવાડી જોવાની મઝા આવી.

બાળકોમાં એકાગ્રતા કેળવાય અને વાંચવાનો તથા ચિત્રો જોવાનો શોખ કેળવાય એ માટે એને યોગ્ય અવનવા પુસ્તકો ગોઠવી બાળપુસ્તકાલયનું આયોજન કરવામાં આવ્યું.

## શિશુમંદિર

**આંતરગૃહ સ્પર્ધાઓ :**

**તબલા સ્પર્ધા : તા.૮-૧૨-૦૫**

| | | |
|---|---|---|
| પ્રથમ | શર્વિલક ઠાકોર | ( ધવલગિરિ ) |
| દ્વિતીય | રાહિલ જાની | ( રત્નદીપ ) |
| | સ્મિત ભટ્ટ | ( રત્નદીપ ) |
| | ધ્રુમિલ પંડયા | ( ગંગોત્રી ) |
| તૃતીય | હસ બોડીવાલા | ( મેઘનાદ ) |

નિર્ણાયક તરીકે ભૂતપૂર્વ વિદ્યાર્થી જીતાર્થ વહોરાએ સેવા આપી, તે બદલ સંસ્થા આભારની લાગણી વ્યક્ત કરે છે.

**સલાડ સ્પર્ધા : તા.૨૭-૧૨-૦૫**

| | | |
|---|---|---|
| પ્રથમ | પ્રાચી ચાવડા | ( ગંગોત્રી ) |
| દ્વિતીય | મિનોલી શાહ | ( મેઘનાદ ) |
| તૃતીય | પ્રાર્થના ઠક્કર | ( ધવલગિરિ ) |
| | આશકા પરીખ | ( રત્નદીપ ) |
| | પલક મહેતા | ( મેઘનાદ ) |

**ટેબલ ડેકોરેશન સ્પર્ધા : તા. ૨૭-૧૨-૦૫**

| | | |
|---|---|---|
| પ્રથમ | નિષ્ઠા શાહ | ( મેઘનાદ ) |
| દ્વિતીય | દ્રષ્ટિ ઠક્કર | ( રત્નદીપ ) |
| તૃતીય | સંજના દોશી | ( મેઘનાદ ) |
| | વિરતી શાહ | ( મેઘનાદ ) |
| | હર્ષિલ શાહ | ( રત્નદીપ ) |

તા.૨૮-૧૧-૦૫ના રોજ ધોરણ ૧ થી ૭ ના સમગ્ર વિદ્યાર્થીઓ માટે 'કલા પ્રતિભા શોધ' તત્કાલ ચિત્રસ્પર્ધા યોજવામાં આવી. જેમાં નીચેના વિદ્યાર્થીઓ વિજેતા નીવડયા.

**ધોરણ-૧** (પ્રથમ) મોનલ શાહ (દ્વિતીય) ખ્યાતિ શાહ, એશા દલાલ (તૃતીય) અયન પટેલ, ધ્વનિ શાહ , જલવિની મહેતા

**ધોરણ-૨** (પ્રથમ) કવન શાહ (દ્વિતીય) હેત્વી ત્રિવેદી, શૈલ રાવળ (તૃતીય) નિકેત રસાણિયા, રાજ શાહ, માર્ગી શાહ, ઉમંગ વોરા

**ધોરણ-૩** (પ્રથમ) ભૂમિ શાહ (દ્વિતીય) ભાષા શાહ, ગરિમા મહેતા (તૃતીય) શાલિન ગાંધી, વિધિ શાહ, કથન પરીખ, શિવાની શાહ

**ધોરણ-૪** (પ્રથમ) જાનકી પટેલ (દ્વિતીય) વિરાજ શાહ, નિશિ શાહ, હેતા કોન્ટ્રાકટર (તૃતીય) ભાવિન પટેલ, ખુશી બ્રોકર, પ્રિયાંશી ઠક્કર, ક્રિશ્રા શાહ

**ધોરણ-૫** (પ્રથમ) હેલી સોપારકર (દ્વિતીય) તત્સત ઠાકોર, મીત શાહ (તૃતીય) ક્રિશ્રા શાહ, રોશની મહેતા

**ધોરણ-૬** (પ્રથમ) ઉત્સવી શાહ (દ્વિતીય) આકાશી શાહ, ભૂમિ શાહ (તૃતીય) શિવાંગી શાહ, દ્રષ્ટિ ઠક્કર, કાજલ શાહ, દેવલ ત્રિવેદી

**ધોરણ-૭** (પ્રથમ) રાજવી શાહ (દ્વિતીય) નિશાંત રાવલ, રાહિલ જાની (તૃતીય) સંજના દોશી, અદ્વૈતા હળવદીયા, નિસર્ગ શાહ, હેલી વાયવાલા

**સ્વયંશિક્ષણદિન :** તા.૫-૧૨-૦૫ના રોજ સ્વયંશિક્ષણદિન યોજવામાં આવ્યો. વિદ્યાર્થીઓએ જાતે જ શિક્ષક બનીને શિક્ષણકાર્ય ખૂબ સફળતાપૂર્વક સંભાળ્યું.

**ગરબા મહોત્સવ :** તા.૧૭-૧૨-૦૫ને શનીવારના રોજ ધોરણ ૧ થી ૯ સુધીનો ગરબા મહોત્સવ યોજાયો. વિદ્યાર્થિની બહેનોએ વિવિધતાભર્યા અનેક ગરબાની ખૂબ સરસ રજૂઆત કરી. આખોય કાર્યક્રમ ખૂબ સફળ રહ્યો. આખોય કાર્યક્રમ તૈયાર કરવા માટે ડૉ.પ્રીતીબેન મહેતાએ ખૂબ જહેમત ઉઠાવી.

**પ્રવાસ :** તિરુપતીપાર્ક અને મહુડીનો પ્રવાસ ધો.૫ માટે તા.૨૮-૧૨-૦૫, ધો.૬ માટે તા.૨૯-૧૨-૦૫ અને ધો.૭ માટે તા.૩૦-૧૨-૦૫ના રોજ યોજાયો.

**રમતોત્સવ :** તા.૩૧-૧-૦૬ને મંગળવારના રોજ શિશુમંદિરમાં રમતોત્સવ યોજવામાં આવ્યો. ધો.૧ થી ૪ ના બાળકો માટે દોડ, દેડકા દોડ, સંગીત ખુરશી, લીંબુ ચમચો, દોરડા દોડ, માટલા ફોડ, મમરામાં ગોળી વિગેરે રમતોની સ્પર્ધાઓ યોજાઈ.

ધોરણ ૫ થી ૭ માટે સાંધિક અને વ્યક્તિગત રમતોની સ્પર્ધાઓ યોજાઈ. જેમાં દોડ, દડાફેંક, લાંબો કૂદકો, ડોઝબોલ, લંગડી, કબડ્ડી, ખો-ખો જેવી રમતોની સ્પર્ધાઓ યોજાઈ.

## વિનયમંદિર

**આંતરગૃહ સ્પર્ધા**

**ન્યુઝ રીડીંગ સ્પર્ધા : તા.૯-૧૨-૦૫**

| | | |
|---|---|---|
| પ્રથમ | કુશ દેસાઈ | ( પદ્મપુકુર ) |
| દ્વિતીય | સંવિત શાહ | ( મેઘદૂત ) |
| તૃતીય | ખુશાલી શાહ | ( પદ્મપુકુર ) |

નિર્ણાયક તરીકે શ્રી સુધાબેન ભટ્ટે સેવા આપી.

દર્પણ કોમ્યુનીકેશન સૃષ્ટિના ઉપક્રમે યોજાયેલ Environment Quiz માં સ્તુતિ રાયબાગકર, સંવિત શાહે Quarter Final માં બીજું સ્થાન પ્રાપ્ત કર્યું તે માટે અભિનંદન.

**પ્રવાસ :** તા.૧૭-૧-૦૬ના રોજ ધોરણ ૮ અને ૯ માટે બાલારામનો પ્રવાસ યોજવામાં આવ્યો.

**રમતોત્સવ :**

તા.૨૭,૨૮ જાન્યુઆરી ૦૬ ના રોજ ધોરણ-૮,૯ માટે રમતોત્સવ યોજાયો. સાંઘિક અને વ્યક્તિગત રમતોની સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

**સ્વયંશિક્ષણદિન :**

તા.૨૦-૧-૦૬ને શુક્રવારના રોજ સ્વયંશિક્ષણદિન યોજાયો. વિદ્યાર્થીઓએ પોતે જ શિક્ષણકાર્ય ખૂબ સફળતાપૂર્વક સંભાળ્યું.

તા.૮-૨-૦૬ના રોજ ધોરણ-૯ના વિદ્યાર્થીઓ માટે I.Q.Test અને એપ્ટીટયુડ ટેસ્ટ યોજાઈ ગયો.

## ઈનામ વિતરણ સમારંભ

માર્ચ ૨૦૦૫માં લેવાયેલ બોર્ડની પરીક્ષાઓમાં ઝળહળતી સિધ્ધિ પ્રાપ્ત કરનાર તેજસ્વી વિદ્યાર્થીઓનું બહુમાન અને ઈનામ વિતરણ કાર્યક્રમ તા.૨૦-૧૨-૦૫ના રોજ યોજાઈ ગયો. આ પ્રસંગે સંસ્થાના ભૂતપૂર્વ તેજસ્વી વિદ્યાર્થી અને હાલ અમેરીકામાં ડૉક્ટરનો વ્યવસાય કરતા ડૉ.પલ્લવીબેન પટેલ તથા તેમના પતિ ડૉ.કિરણભાઈ પટેલ ઉપસ્થિત રહયા. નિયામક મુ.શ્રી દિનુભાઈએ સૌનું સ્વાગત કર્યું.શ્રી ઉદયનભાઈ શાહે પલ્લવીબેનનો પરિચય આપ્યો. ડૉ.પલ્લવીબેન પટેલે તેમના શાળાજીવનની મીઠી યાદોને વાગોળતા તેમણે વિદ્યાર્થીઓને કારકિર્દી બનાવવાની પ્રેરણા આપી અને તેમના તથા શ્રી કિરણભાઈના હસ્તે તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામો તથા સ્મૃતિચિહ્ન અર્પણ કરવામાં આવ્યા. ડૉ.કિરણભાઈએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું. આ પ્રસંગે નીચેના વિદ્યાર્થીઓનું અભિવાદન કરવામાં આવ્યું.

| New S.S.C. | | બોર્ડમાં | કેન્દ્રમાં |
|---|---|---|---|
| (૧) | કક્ષા ભગીરથભાઈ શાહ | ત્રીજા | દ્વિતીય |
| (૨) | રૂચિશ રિધ્ધિશભાઈ શાહ | સાતમા | પાંચમા |
| (૩) | વત્સલ યોગેશભાઈ જાની | આઠમા | છઠ્ઠા |
| (૪) | જયાયસી ભગીરથભાઈ દેસાઈ | દસમા | દસમા |
| **H.S.C. સામાન્ય પ્રવાહ** | | | |
| (૧) | અનુજ અજયભાઈ શાહ | દસમા | આઠમા |
| (૨) | આનંદ મુકેશભાઈ શાહ | | નવમા |

## સ્વ.રમણભાઈ દવે આંતરશાળાકીય સુગમ સંગીત સ્પર્ધા

તા.૩૦-૧-૦૬ને સોમવારનાં રોજ સ્વ.રમણભાઈ દવેની સ્મૃતિમાં દર વર્ષ યોજાતી આંતરશાળાકીય સુગમ સંગીત સ્પર્ધા યોજાઈ ગઈ. સ્પર્ધામાં વિવિધ સ્કુલે ભાગ લીધો. નિર્ણાયક તરીકે સંગીત ક્ષેત્રે જાણીતા નિષ્ણાત કલાકારો તથા સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી સંજયભાઈ ઓઝા, ભૂતપૂર્વ વિદ્યાર્થીની બેન હેતલ રાવલ તથા શ્રી નીનાબેન ઠાકોરે સેવા આપી. સ્પર્ધા બે વિભાગમાં હતી. ધોરણ ૫ થી ૭ માટે નાનો વિભાગ અને ધોરણ ૮ થી ૧૨ માટે મોટો વિભાગ. નીચે પ્રમાણે વિદ્યાર્થીઓ વિજેતા નીવડયા.

| | | |
|---|---|---|
| **નાનો વિભાગ** | | |
| પ્રથમ | બલરાજ શાસ્ત્રી | વિદ્યાનગર સ્કુલ |
| દ્વિતીય | પ્રિયંકા ઠાકર | શારદામંદિર શિશુમંદિર |
| તૃતીય | ધ્વનિ મહેતા | સી.એન.કિશોર વિદ્યાલય |
| **મોટો વિભાગ** | | |
| પ્રથમ | પ્રહર વોરા | સી.એન.વિદ્યાલય |
| દ્વિતીય | પલક જોષી | શારદામંદિર વિનયમંદિર |
| તૃતીય | સલોની ભટ્ટ | વિદ્યાનગર હાઈસ્કુલ |

## સંસ્થાનું ગૌરવ

Aum Educational Acadamy ન્યુ દિલ્હી ખાતે તા.૫-૨-૦૬ના રોજ Brainobrain Fest ( 2006 ) તરફથી યોજાયેલ લગભગ ૧૮૦૦ વિદ્યાર્થીઓની સ્પર્ધામાં ચિ.કરણ ટંકશાળીએ ૩ મિનિટમાં ૬૦ દાખલા કરીને તેની ઉંમરના જુથમાં પ્રથમ આવીને ટ્રોફી મેળવી છે તે માટે સંસ્થા ગૌરવ અનુભવે છે. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે પ્રથમ સ્ત્રી I.P.S. officer અને જનરલ હોમ ગાર્ડસના ડિરેકટર ડૉ.કિરણ બેદી હાજર રહ્યાં હતાં. ચિ.ભાઈ કરણને ખૂબ ધન્યવાદ.

ચિ.કક્ષા ભગીરથભાઈનું ન્યુ એસ.એસ.સી.માં બોર્ડમાં ત્રીજા આવવા બદલ તા.૧૭-૧-૦૬ના રોજ ગુજરાત વિદ્યાસભા તરફથી અને અખિલ હિંદ મહિલા પરિષદ ગુજરાત શાખા તરફથી તા.૧૫ નવેમ્બરના રોજ બહુમાન કરવામાં આવ્યું.

## અભિનંદન

વિવિધ ક્ષેત્રોમાં નીચેના વિદ્યાર્થીઓએ સિધ્ધિ મેળવી છે તે માટે સૌને અભિનંદન.

| સંસ્થા | વિજેતા વિદ્યાર્થી | પારિતોષિક |
|---|---|---|
| | **ચિત્ર** | |
| દિવ્યભાસ્કર | મોનલ સુનીલભાઈ શાહ | તૃતીય ઈનામ |
| ક્ષિતિજ ત્રીજું આંતરરાષ્ટ્રીય ચાઈલ્ડ આર્ટ પ્રદર્શન | મૌનિલ મહેતા | સુવર્ણચંદ્રક |
| યંગ એન્વોયઝ ઈન્ટરનેશનલ | કરણ ટંકશાળી | જ્યુરિ એવોર્ડ |
| | દ્રષ્ટિ ઠક્કર | ડિપ્લોમા ઑફ ડિસ્ટીન્કશન |
| અખિલ હિંદ મહિલા પરિષદ એલીસબ્રીજ શાખા | કરીના શાહ ધો.૧ | દ્વિતીય |
| | ખ્યાતિ શાહ ધો.૧ | તૃતીય |
| | ગરિમા મહેતા ધો.૩ | દ્વિતીય |
| | **સંગીત** | |
| બેંક ઓફ ઈન્ડીયા | પાર્શ્વ પરમાર | વિશિષ્ટ પુરસ્કાર |
| | મહર્ષ પરમાર | વિશિષ્ટ પુરસ્કાર |
| | **પ્રશ્નોત્તરી** | |
| બાળભાસ્કર | શર્વિલક ઠાકોર | ઈનામ રૂ.૨૫૦/- |
| | **ગણિત** | |
| તથાગત | પૌરીન શાહ | દ્વિતીય |
| યુ.સી.માસ રાજ્ય સ્પર્ધા | મીત શાહ | ચેમ્પીયન |
| | **ચેસ** | |
| ગુજરાત સ્ટેટ ચેસ એસોસીયેશન | કર્મ પંડયા | પ્રથમ |
| | સ્વપ્નીલ શાહ | પ્રથમ |
| ગુજરાત સ્ટેટ સિલેકશન | કર્મ પંડયા | તૃતીય |
| | **કરાટે** | |
| યોગ એન્ડ માર્શલ આર્ટસ્ એકેડમી ઓફ ઈન્ડીયા | મનન સુતરીયા | બ્રાઉન 1st |

તંત્રી, મુદ્રક પ્રકાશક : દિનુભાઈ દવે, આચાર્ય અને નિયામક,શારદામંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭.
EMAIL : sharda1924@rediffmail.com
shardamandir1924@yahoo.com